# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(Gujarat Vepari Mahamandal)
Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009
Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4
Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org


# Press Note

May 25, 2021/7241

**Representation sent by GCCI to the Hon'ble Home Minister, Government of Gujarat Shri Pradeepsinghji Jadeja regarding providing relief to traders and citizens in the new guidelines to be announced by Gujarat Government from 28/5/2021**

A representation letter was sent by GCCI to the Hon'ble Home Minister, Government of Gujarat Shri Pradeepsinghji Jadeja requesting to provide some relief to the traders and citizens in the new guidelines to be implemented from 28th May, 2021 onwards, in view of the reduction in the cases due to COVID-19.

The following relief measures have been requested in GCCI's submission:

1. In the current guidelines, the shops have been allowed to remain open from 9 AM to 3 PM but due to the environmental conditions of Gujarat and according to the buying patterns of consumers, most of the people choose the afternoon time for their purchases and so this time is very important for the traders. It is therefore requested that in the new guideline shops should be allowed to remain open from 11 AM to 6 PM.

2. The Hotels and Restaurants Industry could not take the benefit of the approval given for takeaway till 8 PM as evening hours are the main business hours. It has therefore been requested that the Home Delivery timings for hotels and restaurants should be extended till 11 PM.

3. Local Transport - Due to the closure of BRTS bus service, the citizens are facing many difficulties in local transportation. So, it has been requested that local and BRTS buses should also be permitted to start with 50% capacity and with compliance with the policy rules, in line with the permission given for State Transport buses.

---

**To,**
**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

Yogendra Kumar Trivedi
**Secretary General**

## GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(Gujarat Vepari Mahamandal)
Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009
Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4
Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org


# Press Note

25 મે, 2021/72ч1

**ગુજરાત સરકાર દ્વારા તા.28/5/2021 થી જાહેર કરવાની નવી ગાઈડલાઇનમાં વેપારીઓ અને નાગરિકોને રાહત આપવા અંગે જીસીસીઆઈ દ્વારા માનનીય ગૃહમંત્રીશ્રીને રજુઆત**

કોરોનાના સંક્રમણમાં થતાં ઘટાડાને ધ્યાનમાં રાખતા સરકારશ્રી દ્વારા જે નવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવશે એમાં વેપારીઓ અને નાગરિકોને અમુક રાહતો આપવા માટેની રજુઆત જીસીસીઆઈ દ્વારા માનનીય ગૃહમંત્રીશ્રી શ્રી પ્રદીપસિંહજી જાડેજાને કરવામાં આવી હતી.

આ રજુઆતમાં નીચે મુજબની રાહત આપવા વિનંતી કરવામાં આવી છે:

1. હાલમાં દુકાનો ખોલવા માટે સવારે 9 વાગ્યા થી 3 વાગ્યા નો સમય આપવામાં આવ્યો છે પરંતુ ગુજરાતના વાતાવરણને કારણે અને ખરીદ- વેચાણની પ્રણાલિકા મુજબ મોટાભાગે લોકો બપોર પછીના સમયની પસંદગી કરતા હોય છે જેથી વેપારીઓને ધંધા માટે આ સમય ખુબ અગત્યનો હોય છે. તેથી નવી ગાઈડલાઈન બહાર પાડવામાં આવે એમાં આ સમયમાં ફેરફાર કરીને સવારે 11 વાગ્યા થી સાંજે 6 વાગ્યા સુધી કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે.

2. હોટેલ અને રેસ્ટોરન્ટને ધંધા નો મુખ્ય સમય સાંજ નો હોય છે ત્યારે હાલની ગાઇડલાઇનમાં માત્ર રાત્રીના 8 વાગ્યા સુધી હોમ ડીલીવરી ની મળેલ મંજૂરીના લીધે એમને કોઈ ફાયદો મળેલ નથી. હોટેલ અને રેસ્ટોરનન્ટ માં હોમ ડિલિવરી માટેનો સમય રાત્રી ના 11 વાગ્યા સુધી કરી આપવાની વિનંતી કરવામાં આવી છે.

3. લોકલ ટ્રાન્સપોર્ટ - BRTS બસ ની સેવા બંધ હોવા ને લીધે નાગરિકોને લોકલ ટ્રાન્સપોર્ટ માં ઘણી મુશ્કેલી થઇ રહી છે. તો જે રીતે એસટી બસો ની સેવા ચાલુ છે એ રીતે લોકલ તથા BRTS બસોને પણ 50% કેપેસીટી અને નીતિ નિયમોના પાલન સાથે શરુ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

---

**તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર**
**ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી**

**યોગેન્દ્રકુમાર ત્રિવેદી**
**સેક્રેટરી જનરલ**